# રાજ્યમાં કોરોનાના નવા ૧૫૧૨ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ ૧૪નાં મૃત્યુ : અત્યાર સુધીમાં કુલ ૭૯૬૩૬૫૩ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૯૩૯૩૮ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨

રાજ્યમાં છેલ્લા ઘણા દિવસથી કોરોના સંક્રમિતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૫૧૨ કેસ સામે આવ્યા છે. તો રાજ્યમાં કોરોના મહામારીને લીધે વધુ ૧૪ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૭૦ દર્દીઓ કોરોનાની સારવાર બાદ સાજા થયા છે. નવા કેસની સાથે રાજ્યમાં કુલ કેસોની સંખ્યા ૨ લાખ ૧૨ હજાર ૭૬૯ થઈ ગઈ છે. તો મૃત્યુઆંક વધીને ૪૦૧૮ થઈ ગયો છે.

રાજ્યમાં કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૧ લાખ ૯૩ હજાર ૯૩૮ દર્દીઓ સાજા થયા છે. ગુજરાતનો રિકવરી રેટ ૯૧.૧૫ ટકા છે. અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૮ દર્દીઓના મૃત્યુ થયા છે. આમ અમદાવાદમાં મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. તો સુરત શહેરમાં બે અને ગ્રામ્યમાં એક મળીને કુલ ત્રણ લોકોના મૃત્યુ થયા છે. ગાંધીનગર, રાજકોટ અને સાબરકાંઠામાં પણ એક-એક દર્દીઓના મૃત્યુ થયા છે. આ છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૪ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ જિલ્લામાં ૩૨૫ કેસ નોંધાયા છે.

ત્યારબાદ સુરત જિલ્લામાં ૨૫૨, વડોદરા ૧૭૬, રાજકોટ ૧૫૩, મહેસાણા ૭૪, બનાસકાંઠા ૪૪, ખેડા ૪૨, દાહોદ ૩૫, જામનગર ૪૫, કચ્છ ૨૮, પાટણ ૨૮, પંચમહાલ ૨૨, નવસારી ૧૮, અમરેલી ૨૦, સાબરકાંઠા ૧૮, નર્મદા ૧૪, ભાવનગર ૧૮, આણંદ, મહિસાગર, જુનાગઢ અને મહીસાગરમાં ૧૧-૧૧, અરવલ્લીમાં ૧૦, સુરેન્દ્રનગર ૫, ગીર સોમનાથમાં ૮ કેસ નોંધાયા છે. ગુજરાતમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૪ હજાર ૮૧૩ છે. જેમાં ૯૩ દર્દીઓ વેન્ટિલેટર પર છે. તો અત્યાર સુધી ૧,૯૩,૯૩૮ દર્દીઓ સાજા થયા છે. જ્યારે ૪૦૧૮ દર્દીઓના મૃત્યુ થયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬૮૧૮૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે. તો અત્યાર સુધી ૭૯,૬૩,૬૫૩ ટેસ્ટ થયા છે. રાજ્યમાં આજની તારીખે ૫,૨૯,૭૦૪ વ્યક્તિઓ હોમ ક્વોરેન્ટાઈન છે.

# પૂર્વ ધારાસભ્ય કાંતિ ગામિત સહિત ૧૮ની ધરપકડ કરાઈ

### પૌત્રીના લગ્નમાં ૬૦૦૦ લોકોને ભેગા કર્યા હતા : હાઈકોર્ટની ફટકાર બાદ સરકાર અને પોલીસે પગલા લીધા

અમદાવાદ,તા.૨

કોરોના મહામારી દરમિયાન ભાજપના નેતાઓ દ્વારા કોરોના ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરવાના અનેક કિસ્સાઓ સામે આચી ચૂક્યા છે. ત્યારે ગઈ કાલે વધુ એક ભાજપ નેતા કાંતિ ગામીત દ્વારા ૬૦૦૦થી વધુ લોકોના જીવ જોખમમાં મૂકવામાં આવ્યા હતા. ભાજપ નેતાએ પોતાની પુત્રીના લગ્નમાં એક જાહેર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમા લગભગ ૬૦૦૦થી વધુ લોકો જોડાયા હતા. અને આ લગ્ન સમારંભમાં કોરોના ગાઈડલાઈનનાં ધજાગરા ઉડ્યા હતા. આ મામલે તાપી પોલીસવડા એક્શનમાં આવી અને સોનગઢ પોલીસની ડોસવાડા બીટ જમાદારનો ભોગ લેવાયો છે ત્યાં જ છજૈં અનિરુદ્ધસિંહ દેવસિંહ સોલંકીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. હવે આ મામલે પોલીસે આકરી કાર્યવાહી કરી છે અને કાંતિ ગામીત સામે ૩૦૮ મુજબ ગુનો નોંધ્યો છે. અને કાંતિ ગામીત અને તેમના પુત્ર સહિત ૧૮ લોકો સામે ગુનો દાખલ કરી તમામ લોકોની ધરપકડ કરી છે.

કાંતિ ગામીતના ઘરે ભીડ ભેગી થવા મામલે પોલીસે કાર્યવાહી કરી કાંતિ ગામીતની ધરપકડ કરી છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ મંત્રી કાંતિ ગામીત સહિત ૧૮ લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. કાંતિ ગામીત અને તેમના પુત્ર સહિત ૧૮ લોકો સામે કલમ ૩૦૮ મુજબ ગુનો નોંધાયો છે અને તામ લોકોની સોનગઢ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

ગઈ કાલે જે જગ્યાએ કાંતિ ગામીતની પૌત્રીની સગાઈનો પ્રસંગ હતો ત્યાંજ કોરોના કેસ નોંધાયો છે. ડોસવાડના ભગતફળિયામાં નવો કોરોના કેસ નોંધાયો છે. જે ચિંતાજનક સમાચાર છે કારણ કે ગઈ કાલે અહિંયા જ ૬૦૦૦થી વધુ લોકો એકઠા થયા હતા અને કોરોના ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરી લોકો ઝૂમ્યા હતા. ત્યાં જ આ કાર્યક્રમમાં લોકો માસ્ક વગર જ જોવા મળ્યા હતા. ડોસવાડના ભગતફળિયામાં કોરોનાનો નવો કેસ આવતા હવે લોકો ફફડી ઉઠ્યા છે અને જો આ કોરોના દર્દી ગઈ કાલે આ કાર્યક્રમમાં હાજર રહ્યો હોય તો અહિં કોરોનાનો રાફડો ફાટી શકે છે.

જોકે મોડે મોડે જાગેલા તાપીના પોલીસવડાએ કાંતિ ગામીતની પૌત્રીના સગાઈ પ્રસંગ મામલે કાર્યવાહી કરી છે પરંતુ હવે ઘોડાના છૂટ્યા બાદ તબેલાને તાળા મારવા જેવો ઘાટ સર્જાયો છે. જોકે હવે આ કેસની તપાસ જીૅં ઉષા રાડાને સોંપવામાં આવી છે.

ઉલ્લેખનિય છે કે, કાંતિ ગામીતના ઘરે કોરોના મહામારીમાં પણ આટલી મોટી સંખ્યામા ભીડ ભેગી થવાની ખબર સંદેશ ન્યૂઝે સૌથી પહેલા લોકોને દેખાડી હતી જેથી ઈમ્પેક્ટના ભાગ સ્વરૂપે આજે કાંતિ ગામીત અને તેમના પુત્ર સહિત ૧૮ લોકો સામે ગુનો નોંધાયો છે અને તામામ લોકોની ધરપકડ કરવામા આવી છે.

### કોરોના સંક્રમણને અટકાવવા જિલ્લા કલેક્ટર દ્વારા જાહેરનામું

# પોળો ફોરેસ્ટમાં પ્રવાસીઓને હવે શનિવાર અને રવિવારે પ્રવેશ આપવામાં આવશે નહીં

ગાંધીનગર,તા.૨

રાજ્યમાં દિવાળી બાદ કોરોનાએ ઉથલો માર્યો છે. આ વચ્ચે વધુ એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. વધતા સંક્રમણને લઈને પોળો ફોરેસ્ટમાં પ્રવાસીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. કોરોના સંક્રમણને અટકાવવા જિલ્લા કલેક્ટર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. પોળો ફોરેસ્ટમાં પ્રવાસીઓને હવે શનિવાર અને રવિવારે પ્રવેશ આપવામાં આવશે નહીં. પોળો ફોરેસ્ટમાં આવતા પ્રવાસીઓ માટે કલમ ૧૪૪ લગાવવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર કોરોનાનું સંક્રમણ વધતા સાબકાંઠાના પોલો ફોરેસ્ટમાં જાહેરનામું લંબાવી દેવામાં આવ્યું છે. જેમાં ડિસેમ્બર મહિનાના તમામ શનિ-રવિ પ્રતિબંધ રહેશે. આ સાથે જાહેર રજાના દિવેસ પણ પોલો ફોરેસ્ટ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે કોરોનાનું સંક્રમણ વધતું અટકાવવા માટે તેમજ ૩૧ ડિસેમ્બરની આસપાસ મોટી સંખ્યામાં લોકો અહીં આવતા હોય તેને લઈને નિર્ણય લેવામાં આવ્યો છે. ફોરેસ્ટ નાકાથી વણજ ડેમ અને વણજ ડેમથી વિજયનગર ત્રણ રસ્તા સુધીમાં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. નોંધનીય છે કે દિવાળી અગાઉ જ પોલોના જંગલ પર પ્રતિબંધ લગાવામાં આવ્યો છે. જેમાં ૧૪થી ૨૨ નવેમ્બર અને ૨૮થી ૩૦ દરમિયાન પ્રતિબંધ જાહેર કરાયો હતા. કોરોના મહામારીના પગલે સ્થાનિક વિસ્તારમાં સંક્રમણ રોકવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું.

# રાજયસભાના સાંસદ અભય ભારદ્વાજ પંચમહાભૂતમાં વિલીન

### મુખ્યમંત્રી છેલ્લે સુધી હાજર રહ્યાં, કોરોનાની ગાઈડલાઈન મુજબ કરાયા અંતિમ સંસ્કાર

રાજકોટ,તા.૨

રાજ્યસભાના સાંસદ અભય ભારદ્વાજનો પાર્થિવદેહ ચેન્નઈથી અમદાવાદ એરપોર્ટ પર લાવવામાં આવ્યો હતો. ત્યાર બાદ અમદાવાદથી બાય રોડ તેમના દેહને રાજકોટ તેમના નિવાસસ્થાને લાવવામાં આવ્યો હતો. શાસ્ત્રોક્ત વિધિ બાદ પાર્થિવદેહને અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પાર્થિવદેહનાં દર્શન કરી પ્રદક્ષિણા કરી હતી. બાદમાં અંતિમયાત્રામાં વિજય રૂપાણી પણ હાજર રહ્યાં હતા અને કાલાવડ રોડ સ્થિત મોટામવા સ્મશાન ખાતે કોરોનાની ગાઈડલાઈન મુજબ ઈલેક્ટ્રિક ભઠ્ઠીમાં અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા અને અભયભાઈનો પાર્થિવદેહ પંચમહાભૂતમાં વિલીન થયો હતો. મુખ્યમંત્રી રૂપાણી છેલ્લે સુધી હાજર રહ્યા હતા.મોટી સંખ્યામાં લોકો ઊમટી પડતાં ઘરની બહાર રસ્તા પર ખુરશીઓ મૂકી રસ્તો બંધ કરવામાં આવ્યો હતો. અંતિમ દર્શન માટે લોકોની લાંબી લાઈન લાગી હતી. કોવિડની ગાઈડલાઈન પ્રમાણે અંતિમયાત્રામાં મુખ્યમંત્રી વિજય રૂપાણી અને અભયભાઈના પરિવારજનો સહિત ૫૦ લોકો જ જોડાયા હતા.

અભયભાઈના પાર્થિવ દેહના ભાજપના મંત્રીમંડળે અંતિમ દર્શન કર્યા હતા. જેમાં આર.સી. ફળદુ, જયેશ રાદડિયા, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ધનસુખ ભંડેરી સહિતના નેતાઓએ અંતિમ દર્શન કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. રાજકોટ ભાજપના આગેવાનો અને કાર્યકરો પણ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

CM વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, તાજેતરમાં જ રાજ્યસભાના સાંસદ બન્યા હતા. કોરોના સામે ખૂબ મોટી લડત આપી. ૯૦ દિવસ કરતા વધુ સારવાર ચાલી, હું લડત આપીશ તેવું તેમણે લખ્યું હોવાનું પરિવારજનોએ મને જણાવ્યું હતું. સૌરાષ્ટ્રના એડવોકેટ જગતને મોટી ખોટ પડી છે. અમારા મિત્ર હતા એટલે અમને મિત્રોમાં પણ મોટી ખોટ પડી છે. અભયભાઈ નાની વયે સમાજ ઉપયોગી અને ગરીબ લોકોના માટે ગ્રાન્ટ વાપરવાના હતા. તેમને તેની ગ્રાન્ટ આદિવાસી સમાજ માટે વાપરવાનું કહ્યું હતું.

અભય ભારદ્વાજના પાર્થિવદેહને બે વાગ્યે અમીન માર્ગ પર આવેલા તેમના નિવાસસ્થાને અંતિમ દર્શન માટે રખવામાં આવ્યો હતો. અંતિમ દર્શન કરવા મુખ્યપ્રધાન વિજય રૂપાણી સહિતના નેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાલાવડ રોડ પર આવેલા મોટામોવા સ્મશાનગૃહ ખાતે અંતિમવિધિ કરવામાં આવી હતી. અંતિમયાત્રામાં માત્ર પરિવારજનોની ઉપસ્થિતિ રહ્યા હતા.




### ડીસા સહિત જિલ્લામાં મહાનુભાવોની પ્રતિમાની સાફસફાઈ અને પુષ્પાંજલિ

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ, બનાસકાંઠા દ્વારા વિવિધ લોક ઉપયોગી, સેવાકીય અને યુવાનોને પ્રેરણાદાઈ કામગીરી કરવામાં આવે છે. આવી જ રીતે દર મહિનાની ૧ તારીખના રોજ જીલ્લાના તમામ તાલુકા મથક અને નગર પાલિકામાં આવેલ મહાનુભાવોની પ્રતિમાની સાફસફાઈ અને પુષ્પાન્જલી પણ કરવામાં આવે છે. એ જ પ્રક્રિયા અનુસંધાને જીલ્લા સંયોજક ગૌરાંગભાઈ પાધ્યા અને વિનોદભાઈની સુચનાથી બનાસકાંઠા જીલ્લાના તમામ તાલુકા અને નગરપાલિકામાં મહાનુભાવોની પ્રતિમાઓની સફાઈ કરી માલ્યાર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમોમાં જીલ્લાના આગેવાનો અને સ્વામી વિવેકાનંદ મંડળના સભ્યો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા તાલુકા, નગરપાલિકાના સભ્યો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ચાંદખેડા પોલીસ મથકમાં પીઆઈ સહિત ૨૧ પોલીસકર્મી થયા કોરોના સંક્રમિત

ગાંધીનગર,તા.૨

કોરોના મહામારીએ ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં હાકાકાર મચાવ્યો છે. ગુજરાતમાં મંત્રીથી માંડીને સામાન્ય નાગરિકની સ્થિતી હાલ કોરોના વાયરસના કારણે કફોડી બની છે. તેવામાં કોરોના વોરિયર તરીકે નાગરિકોની વાહવાહી લૂંટનારા પોલીસ ફોર્સનાં અનેક કર્મચારીઓ પણ કોરોના પોઝિટિવ આવતા ચકચાર મચી જવા પામી છે. રાજ્યનાં સૌથી મોટા શહેર અને તેની સૌથી મોટા ફોર્સ અમદાવાદ પોલીસનાં અનેક જવાનો કોરોના પોઝિટિ આવ્યા છે. ત્યાં જ આજે તો શહેરમાં આવેલ ચાંદખેડા પોલીસ મથકમાં પીઆઈ શહિત ૨૧ પોલીસકર્મીઓ કોરોના સંક્રમિત થયા છે.

કોરોનાના બીજા તબક્કામાં હવે પોલીસ માટે પણ ચિંતાજનક સ્થિતી પેદા થઈ છે. છેલ્લા કેટલેકા દિવસથી અમદાવાદ પોલીસમાં ફરજ બજાવતા પોલીસકર્મીઓ કોરોના સંક્રમિત થઈ રહ્યા છે. હવે કોરોનાનો આંકડો ઉછાળી રહ્યો છે. મળતી માહિતી અનુસાર ચાંદખેડા પોલીસ મથકમાં કોરોના વિસ્ફોટ થયો છે. અહિઁ સહિત ૨૧ પોલીસ કર્મીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તમામ પોલીસર્મીઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ રાજ્યની પોલીસને ખાસ તકેદારી રાખી કામ કરવાની સુચના આપવામાં આવી છે.

અમદાવાદમાં કુલ ૯૭૬ પોલીસકર્મીઓ અત્યાર સુધીમાં કોરોનાની ઝપેટમાં આવી ચૂક્યા છે ત્યાં જ ૧૧ પોલીસકર્મીના મોત નિપજ્યા છે. અત્યાર સુધીમાં ૮૭૨ પોલીકકર્મી કોરોનાને મ્હાત આપી સ્વસ્થ થઈ ચૂક્યા છે ત્યાં જ હાલમાં ૯૫ એક્ટિવ કેસ છે. ગુજરાતમાં કોવિડ-૧૯ના કુલ કેસોની સંખ્યા વધીને ૨,૧૧,૨૫૭એ પહોંચી છે. જ્યારે રાજ્યમાં કૂલ મૃત્યુઆંક વધીને ૪૦૦૪એ પહોંચ્યો છે.

# અંકુર વિસ્તારમાં આવેલી બેન્ક ઓફ ઈન્ડિયામાં આગ

છેલ્લા કેટલાક દિવસોથી આગ લાગવાના બનાવોમાં વધારો થયો છે. જોકે, આગના બનાવો સામે પહોંચી વળવા ફાયર સેફ્ટી ફરજિયાત મોટી મોટી વાતો તો થઈ રહી છે પરંતુ ગ્રાઉન્ડ પર કંઈ થતું નથી. શહેરના અંકુર વિસ્તારમાં આગની ઘટના બનતા તાત્કાલિક અમદાવાદ ફાયરના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. જોકે, બેંકમાં આગ સામે બચવાની બેદરકારી જોઈ ખુદ ફાયરના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. કારણ કે અહીં ફાયરના અધિકારીઓને એક નહીં અનેક બેદરકારી નજરે પડી હતી. હવે આ મામલે બેંક સામે શું પગલાં ભરવામાં આવે છે તે જોવાનું રહ્યું. અમદાવાદના ફાયરની વધતી ઘટનાઓ સામે આગ અકસ્માતને નિવારવા અનેક પગલાં ભરવા જણાવવામાં આવે છે. ફાયર સેફ્ટીની પણ વ્યવસ્થા કરવાના આદેશ કરાય છે પરંતુ જયારે આગની ઘટના બને છે ત્યારે સરવાળે પરિણામ શૂન્ય જ નજરે પડે છે. અમદાવાદના અંકુર વિસ્તારમાં આવેલી બેક્ર ઑફ ઈન્ડિયાની બ્રાન્ચમાં પણ કંઈક આવું જ બન્યું હતું. પેટ્રોલ પંપની બાજુમાં જ આવેલા બિલ્ડિંગમાં લાગેલી આગની જાણ થતાં અમદાવાદ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. અહીં માત્ર અડધા કલાકના સમયમાં બેંક અને બેંકમાં રહેલા દસ્તાવેજો બળીને ખાખ થઈ ગયા. બેંકમાં અંદર રહેલા સીસીટીવીની પોલીસ હાલ તપાસ કરી રહી છે પરંતુ ફાયરના અધિકારીએ આગનું પ્રાથમિક કારણ શોર્ટ-સર્કિટ ગણાવ્યું છે. બેક્ર પાસેની ફાયરની સુવિધા અંગે પૂછવા આવ્યું ત્યારે એડિશનલ ચીફ ફાયર ઓફિસર રાજેશ ભટ્ટે જણાવ્યું કે, આગમાં બેક્રનું ફર્નિચર અને દસ્તાવેજો બળીને ખાખ થઈ ગયા છે.

બેંકમાં આગ સામે ફાયર સેફટી મુદ્દે તેઓએ જણાવ્યું કે, બેંકમાં વેન્ટિલેશનની તમામ બારીઓમાં દીવાલ ચણીને બંધ કરી દેવામાં આવી હતી. બહારની બાજુએ બારીઓને તાળા મારી દેવાયા હતા. ફાયરના જવાનોએ આગના કારણે બેંકમાં ફેલાયેલા ધુમાડાને બહાર કાઢવા માટે આ બારીઓની દીવાલો તોડવી પડી હતી. બારીઓને તોડીને અંદર પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. બેંકના પાછળના ભાગે બહાર નીકળવાનો એકમાત્ર સાંકડો રસ્તો હતો. બીજું કે જ્યાં બેક્ર માટે ઈલેક્ટ્રિક કંપનીનું મીટર છે ત્યાં જ નકામાં કાગળો સંગ્રહી રાખવામાં આવ્યા છે. બેંકના ઈલેક્ટ્રિક મીટરની સિસ્ટમ પણ આઉટડેટેડ હોવાનું જાણવા મળ્યું છે.

### ૬૨ કેસ કહે છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લીંબોદરા ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૪૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૨૯૬૦ દર્દીઓ રિકવર થતાં તેમને કોરોનામુક્ત જાહેર કરાયા છે.

જિલ્લામાં હાલ ૧૯૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં ૧૫,૦૯૦ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં ૪૦ જેટલા ગામ એવા છે કે જ્યાં હજુ સુધી એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં આજે ૨૪ કેસ કોરોનાના મળી આવેલ છે. આજે નોંધાયેલા કેસમાંથી ૨૩ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ સાથે શહેરમાં ૨૦૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

શહેરમાં આજે નોંધાયેલા ૨૪ કેસમાં ૧૧ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. શહેરમાં કેસોની સંખ્યામાં સસત ચડાવ-ઉતારની સ્થિતિ જોવા મળી રહી છે.

શહેરમાં આજે સે. ૫ માંથી ૪, સે. ૨૨ માંથી ૩ ઉપરાંત સે. ૨, ૧૩, ૨૩, ૨૭, ૨૪ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૨૬, જીઈબી, સે. ૧, સે. ૨૧, સે. ૩, સે. ૨૯ અને સે. ૩૦ માંથી પણ કેસ મળી આવ્યા છે.

શહેરમાં આજે ૨૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૨૭૦૦ જેટલા કોરોના પોઝીટીવના કેસો નોંધાયા છે. જોકે રિકવર રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

શહેરમાં આજે ૨૯૫ જેટલા માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે અને ૧૫ હજાર જેટલા લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

### બ્રિટનની માન્યતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

યુરોપિયન સંઘના સામે વેક્સીન રજીસ્ટ્રેશન માટે ઔપચારીક આવેદન આપ્યું હતું.

ફાયઝર – બાયોએનટેકની રસીના ૧૦ મિલિયન ડોઝ જેમ બને તેમ જલદી ઉપલબ્ધ થશે. બહુ જલદી રસીનો પહેલો ડોઝ યુકે પહોંચશે. રસીના કોન્સેપ્ટથી રિયાલિટી સુધી પહોંચવામાં કોરોનાની આ રસી સૌથી ઝડપી હોવાનું માનવામાં રહ્યું છે. જે પ્રક્રિયામાં દાયકો નીકળી જાય છે તેના માટે માત્ર ૧૦ મહિનાનો સમય લાગ્યો છે. મોડર્નાએ પણ તેમની રસીના ઉપયોગને મંજૂરી આપવા માટે યુએસ અને યુરોપિયન રેગ્યુલેટર્સને જણાવ્યું હતુ.

બ્રિટનના મેડિસિન એંડ હેલ્થકેયર પ્રોડક્ટ્સ રેગ્યુલેટરી એજન્સીએ ફાઈઝર અને બાયોએનટેકની કોરોના વેક્સીનનું નિરીક્ષણ કરવાની મંજૂરી આપી દીધી છે. આ એજન્સી એ બાબત પણ સુનિશ્ચિત કરવા જઈ રહી છે કે, શું ઓક્સફર્ડ યૂનિવર્સિટી અને એસ્ટ્રાજેનેકાની વેક્સીન આકરા સુરક્ષા પામદંડોને પુરા કરી શકે છે કે કેમ?

જો કે વિશેષજ્ઞોના જણાવ્યાં મુજબ ભલે રસીકરણ ચાલુ થઈ જાય, પરંતુ લોકોએ આમ છતાં સાવચેત રહેવાની અને કોરોના વાયરસની ગાઈડલાઈનનું પૂરેપૂરું પાલન કરવાની જરૂર છે. એટલે કે સામાજિક અંતર રાખવું જરૂરી છે અને માસ્ક પહેરવું પણ એટલું જ જરૂરી છે.

બાયોએનટેકે જણાવ્યું હતું કે, જો તેમની બીએનટી ૧૬૨બીર રસીને મંજૂર કરવામાં આવે તો યુરોપ ૨૦૨૦ વર્ષ પૂરૂ થાય તે પહેલા જ રસીકરણ શરૂ કરી શકે છે. કંપનીએ તેની રસી ૪૪,૦૦૦ વોલન્ટિયર્સ પર કરવામાં આવેલી ક્લિનિકલ ટ્રાયલમાં ૯૫ ટકા અસરકારક રહી હોવાનો દાવો કર્યો હતો.

બ્રિટનના મંત્રી નાદિમ જહાવીના હવાલાથી એક મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે, જો બધુ યોજના પ્રમાણે જ સમુ સુતરૂ રહ્યું અને ફાઈઝર – બાયોએનટેક દ્વારા વિકસીત કોરોનાની રસીને રજિસ્ટ્રેશન માટેની મંજૂરી મળી જાય તો ગણતરીના કલાકોમાં જ વેક્સીનની વહેંચણી અને તેના ટીકાકરણ પણ શરૂ કરી દેવામાં આવશે.

### તૈયારીઓ શરૂ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મેનેજમેન્ટ કરશે. નિયામક સંસ્થાઓ પાસેથી જરૂરી મંજૂરી લઈને વેક્સિનના પરિવહનમાં લાગતા સમયને ઓછો કરવા પર ધ્યાન અપાશે. ઉત્પાદનથી લઈને લોકોને વેક્સિન લગાવવા સુધી કોલ્ડ સ્ટોરેજ ચેઈનની વ્યવસ્થા જોશે. મુંબઈ એરપોર્ટ પર અઠવાડિયાના સાતેય દિવસ ૨૪ કલાક ચાલનારું કસ્ટમર કેર સર્વિસ સેન્ટર બનશે. ત્યાં દેશમાંથી આયાત-નિકાસ થનારી વેક્સિન સાથે સંકળાયેલી તમામ મુશ્કેલીઓના ઉકેલ મળશે.

### વૃક્ષોનું ટ્રીમીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગામી દિવસોમાં ઉભા સુકા વૃક્ષો પણ કાપવામાં આવશે. આ ઉપરાંત સેકટરના આંતરિક રૂટમાં પણ ટ્રીમીંગ કરાશે. આ ઉપરાંત નાના ગ-૨ થી ઘ-૨ તરફના માર્ગ પર પણ ટ્રીમીંગ કરવામાં આવશે. સે-૩ ની સાથે શહેરના અન્ય સેકટરોમાં પણ તબક્કાવાર ટ્રીમીંગ કરવામાં આવશે. આ ઉપરાંત સેકટરાના આંતરિક માર્ગોને ધ્યાને લઈને પણ વૃક્ષોની ડાળીઓ નડતરરૂપ હોય તેવા ઠેકાણે ટ્રીમીંગનુ કામ હાથ ધરાશે.

### વિશેષ સત્ર બોલાવવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નિવાસસ્થાને મળ્યા હતા. બંને મંત્રીઓએ મંગળવારે ખેડૂતો સાથે થયેલી વાતચીતની અપડેટ શાહને આપી.

મંગળવારે સરકારની સાથે ૩૫ ખેડૂત સંગઠનની ૩ કલાક ચાલેલી વાતચીત કોઈ પણ જાતના પરિણામ વગરની રહી. મીટિંગમાં સરકાર તરફથી કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમર ઉપરાંત રેલવે મંત્રી પીયૂષ ગોયલ અને વાણીજ્ય રાજ્ય મંત્રી સોમપ્રકાશ હાજર રહ્યાં હતા. મીટિંગમાં સરકાર કાયદા પર પ્રેઝન્ટેશન દેખાડીને ફાયદાઓ ગણાવતી રહી, પરંતુ ખેડૂતો ત્રણેય કાયદાને પાછા ખેંચવાની વાત પર જ અડગ રહ્યાં હતા. તેઓએ એટલે સુધી કહી દીધું કે અમે કંઈક તો પ્રાપ્ત કરીશું, તે પછી ભલે જ ગોળી હોય કે શાંતિપૂર્ણ ઉકેલ. ખેડૂતોએ કૃષિ કાયદાને ડેથ વોરંટ ગણાવ્યું.

ત્રણ કૃષિ કાયદાઓના વિરોધમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનના સમર્થનમાં ટ્રાન્સપોર્ટ યૂનિયન એ આગામી ૮ ડિસેમ્બરથી દેશવ્યાપી હડતાળનું એલાન કર્યુ હતું. આશરે એક કરોડ માલવાહક ટ્રક ડ્રાઈવરોનું પ્રતિનિધિત્વ સંભાળી રહેલા સર્વોચ્ચ ટ્રાન્સપોર્ટ બોડી ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ-એઆઈએમટીસીએ ખેડૂતોના આંદોલનને સમર્થન જાહેર કર્યુ હતું અને ઉત્તર ભારતના રાજ્યો સહિત દેશભરમાં જરુરી વસ્તુઓની અવર-જવર પર રોક લગાવતી હડતાળનું એલાન કર્યુ હતું.